
| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 146 | Define clear timelines mandated through legislation for approval of complete application | Yes | URL of the website highlight the timeline |

URL: http://townplanning.gujarat.gov.in/

http://townplanning.gujarat.gov.in/gr.aspx



**Ease of Doing Business,Business Reforms Action Plan 2016. Urban Development Department અંતર્ગત સેવાઓ બાબત. . .**

ગુજરાત સરકાર

**પરિપત્ર ક્રમાંકઃઇડબ/૧૦૨૦૧૬/૧૧૫૫/લ**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

બ્લોક નં. ૧૪, ૯મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૭/૨/૨૦૧૬

**આમુખઃ-**

ઇઝ ઓફ ડુઇંગ બીઝનેશથી રાજયમાં રોકાણકર્તાઓને સહેલાઇથી ધંધા અર્થે સુવિધાઓ પ્રાપ્ત થાય તે હેતુથી ડીપાર્ટમેન્ટ ઓફ પોલીસી એન્ડ પ્રમોશન, ન્યુ દિલ્હી દ્વારા વર્ષ-૨૦૧૫ માં અલગ-અલગ રાજય સરકારોએ રોકાણકારોને જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરાવવામાં આવેલ છે. જે અંતર્ગત ગુજરાતમાં પણ રોકાણ માટે સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે જરૂરી છે. હાલમાં શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ કાયદા (ગુમાસ્તાધારા) હેઠળ આપવામાં આવતા પ્રમાણપત્રો અથવા બાંધકામ માટે ફાયર એન.ઓ.સી. આપવામાં લોકોને ઝડપથી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે જરૂરી છે. ઝડપથી આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્રઃ-**

બાંધકામ મેળવવા માટે ફાયર એન.ઓ.સી. તેમજ શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ કાયદા હેઠળ આપવામાં આવતા પ્રમાણપત્રો સારૂ નીચેની પધ્ધતિ અપનાવવાની રહેશેઃ-

(૧) શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ અન્વયેના પ્રમાણપત્ર અથવા તો ફાયર એન.ઓ.સી. માટેની જે અરજીઓ ઇન્વેસ્ટમેન્ટ ફેસીલિટેશન પોર્ટલ પર આઇ.એફ.પી. પર કરવામાં આવતી હોય તે અરજીઓનો સમયસર નિર્ણય લેવા સારૂ, અરજી પર કરેલ કાર્યવાહીની રોજનું સ્ટેટસ અપડેટ કરવા તેમજ લેવાયેલ નિર્ણય અંગેના હુકમો તેમજ પ્રમાણપત્રો આઇ.એફ.પી. ઉપર અપલોડ કરવા સારૂ આથી સક્ષમ સતામંડળો નોડલ ઓફીસરની નિમણુંક કરવાની રહેશે.

(૨) સમુચિત સતામંડળને આવેલ અરજીઓ પર નિર્ણય સારૂ કોઇ પણ પુર્તતા કરાવવાની હોય તો તે, પુર્તતા માટેનો પત્ર આઇ.એફ.પી. ઉપર અપલોડ કરવાનો રહેશે. નોડલ ઓફીસર આ પત્ર તેજ દિવસે અપલોડ કરશે.

(૩) જે બાબતોમાં સાઇટ વેરીફીકેશન કરવાનું હોય તે કિસ્સામાં સમુચિત સતામંડળ પાસે ઉપલબ્ધ ઇન્સપેક્ટરો પૈકી કોઇપણ એક ઇન્સપેક્ટરને કમ્પ્યુટરાઇડ બેઇઝડ રેન્ડમાઇઝડ પ્રોસેસથી ઇન્સ્પેકશનની કામગીરી સોંપશે. ઇન્સપેક્ટર દ્વારા ઇન્સ્પેકશન કરવામાં આવેલ રીપોર્ટ ૪૮ કલાકમાં આઇ.એફ.પી. પોર્ટર પર સ્ટેટસ રીપોર્ટ મુકશે.

(૪) ગુમાસ્તાધારા નોંધણી માટેની અરજી પરત્વે સતામંડળ મહતમ ત્રણ દિવસમાં નિર્ણય લેશે અને તે નિર્ણય નોડલ ઓફીસર તે જ દિવસે ઓન લાઇન પોર્ટલ પર મુકશે.

(૫) ફાયર એન.ઓ.સી. માટેની અરજી પરત્વે સતામંડળ મહતમ પંદર દિવસમાં નિર્ણય લેશે અને તે નિર્ણય નોડલ ઓફીસર તે જ દિવસે ઓન લાઇન પોર્ટલ પર મુકશે.

(૬) કોઇપણ પ્રકારની ફી ભરવા સારૂ સતામંડળ ઓન-લાઇન પેમેન્ટ કરવા સારૂ ઉપલબ્ધ વ્યવસ્થા હોય તો તે આઇ.એફ.પી. સાથે સાંકળશે અને ન હોય તો તેની વ્યવસ્થા ઇન્ડસ્ટ્રીઝ ડીપાર્ટમેન્ટસ સાથે રહી કરશે.

(૭) અરજી કરવાના ફોર્મ, ચકાસણી માટેના ચેકલીસ્ટ, એફ.એ.કયુ. તૈયાર કરી સતામંડળની પોતાની વેબસાઇટ ઉપર મુકવાના રહેશે.

ઉપરોકત બાબતો નીચે દર્શાવેલ મહાનગરપાલિકા તથા નગરપાલિકાને લાગુ થશે. સદર સક્ષમ સતામંડળો દ્વારા ઉપરોકત સુચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

મહાનગરપાલિકા:- અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, ગાંધીનગર, જુનાગઢ અને તેને સંલગ્ન સતામંડળો,

નગરપાલિકા:- આણંદ, વિદ્યાનગર, કરમસદ, ભરૂચ, અંકલેશ્વર, મોરબી, વાંકાનેર, સુરત, વલસાડ, નવસારી, મહેસાણા, પાટણ, પાલનપુર, નડીયાદ, ગોધરા, બોટાદ, વેરાવળ, પાટણ, વાપી, વલસાડ, પોરબંદર, જેતપુર અને સંલગ્ન સમુચિત સતામંડળો.

**(અશોકસિંહ પરમાર)**
**નાયબ સચિવ**
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ( તમામ ન.પા.ને મોકલવાની વિનંતી સહ)
- નાયબ સચિવશ્રી( ન.આ.)
- નાયબ સચિવશ્રી( ન.પા.)